# માહિતીની, સુરક્ષાની માયા: માયા ઓપરેટિંગ સિસ્ટમ

લશ્કરની પોતાની એક આખી અલગ દુનિયા હોય છે, જેમાં તેની બહારની દુનિયામાં ઉપલબ્ધ બધી જ સુવિધાઓ આંતરિક રીતે સમાયેલી હોય છે તે વાત તો અહીં ઘણીવાર વિગતે કરી છે પણ એમાંય હવે નવી જાણવા જેવી વાત એ છે કે ખાસ લશ્કર માટે જ બનેલી ટેકનોલોજી પણ છે. આમ તો આ ટેક્નોલોજી સામાન્ય નાગરિકો જે ટેકનોલોજી વાપરે તેવી જ હોય છે પણ લશ્કરની ટેકનોલોજી એ રીતે વિકસાવાયેલી હોય છે કે તેમાં સુરક્ષા અને ગુપ્તતાનાં ઉચ્ચતમ ધોરણો જળવાઈ રહે. હાલ આ વાત એટલા માટે સાંભરી કે વિન્ડોઝના વર્ઝન પરિવર્તનનો વાયરો અત્યારે ચોતરફ વાઈ રહ્યો છે. આ વાયરામાંથી સલામત માર્ગ કાઢવા માટે લોકો અત્યારે બે વિકલ્પો અપનાવી રહ્યા છેઃ એક, વિન્ડોઝનું લેટેસ્ટ વર્ઝન સ્મૂધ વર્કેબલ કન્ડિશનમાં અપડેટ કરવું અને બે, શક્ય હોય તો વિન્ડોઝ સિવાયની ઓપરેટિંગ સિસ્ટમ્સ પર શિફ્ટ થવું અને એ રીતે માઈક્રોસોફ્ટ પરની ડિપેન્ડન્સી ઘટાડવાનું વલણ જોવા મળે છે. દુનિયાના સામાન્ય લોકો તો ઠીક પણ જર્મની અને સ્વીડન જેવા દેશોએ પણ છેલ્લા થોડા સમયથી ઓપરેટિંગ સિસ્ટમ બાબતે માઈક્રોસોફ્ટ પર ડિપેન્ડન્સી ઘટાડવાનું હાલ તરત પૂરતું મર્યાદિત પ્રમાણમાં શરૂ કરી દીધું છે. દુનિયાભરમાં શરૂ થયેલી આ કવાયતનો મુખ્ય હેતુ દરેક દેશનાં ડિજિટલ સ્વતંત્રતા અને ડિજિટલ સાર્વભૌમત્વ(Digital Independence and Digital Sovereignty) જળવાય તે જ છે. ડિજિટલ સ્વતંત્રતા અને ડિજિટલ સાર્વભૌમત્વ(Digital Independence and Digital Sovereignty) એ પાછાં અલગ કોન્સેપ્ટ છે. તેની વાત પછી કરીએ તે પહેલાં તો એ જાણી લઈએ કે ભારતીય લશ્કરે વિન્ડોઝના વિકલ્પે 'માયા' ઓપરેટિંગ સિસ્ટમ (Maya Operating System- Maya OS) 2023થી અપનાવી લીધી છે. કેવી છે આ 'માયા' ઓપરેટિંગ સિસ્ટમ? ટૂંકમાં જોઈએ.




### 'માયા' ઓપરેટિંગ સિસ્ટમ(Maya Operating System- Maya OS)

'માયા' ઓપરેટિંગ સિસ્ટમ એ મુખ્યત્વે Linux અને Ubuntu પર આધારિત ઓપરેટિંગ સિસ્ટમ છે. Ubuntu પણ એક રીતે તો Linux પર આધારિત સિસ્ટમ છે. આ સિસ્ટમનો સૌથી મોટો લાભ એ છે કે આ ઓપરેટિંગ સિસ્ટમ ઓપન સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ હોવા છતાં સિક્યોરિટી અને પ્રાઈવસી તેમજ સિક્રસીની દષ્ટિએ ઘણી સ્ટ્રોંગ છે. અહીં એક ઓપન સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ અને એક લાઈસન્સ બેઝ્ડ ક્લોઝ સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ વચ્ચેનો મૂળભૂત તફાવત સમજીએ તો ઓપન સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ ફ્રી ઓફ કોસ્ટ અને કોઈ ફરજિયાત લાઈસન્સ વગર મળી શકે છે અને તેમાં બધા જ ઓપન સોર્સ સોફ્ટવેર્સ ચાલી શકે છે અને તે કોઈ પ્રોપ્રાઇટરી એટલે કે કોઈ એક ચોક્કસ કંપનીની માલિકીની ઓપરેટિંગ સિસ્ટમ પણ નથી. Linux અને Ubuntu એ આવી જ ઓપન સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ છે. ક્લોઝ સોર્સ, સબસ્ક્રિપ્શનવાળી અને પ્રોપ્રાઈટરી ઓપરેટિંગ સિસ્ટમની કેટેગરીમાં માઈક્રોસોફ્ટ વિન્ડોઝ આવી શકે છે. આ ઓપરેટિંગ સિસ્ટમ અંતર્ગત પરસ્પર સપોર્ટેડ હોય એવા ક્લોઝ સોર્સ અને સબસ્ક્રિપ્શનવાળા સોફ્ટવેર જ ચાલે છે. તે સિવાયના સોફ્ટવેર્સ આ ઓપરેટિંગ સિસ્ટમમાં ચાલતા નથી. એટલે જ આપણા લશ્કરે માયા ઓપરેટિંગ સિસ્ટમ અપનાવી છે જે તેના નામ મુજબ ગુપ્તતા અને સુરક્ષા બંને જાળવવા માટે સક્ષમ છે.

### સંભવ મેસેજિંગ એપ...

એ જ રીતે સોશિયલ મીડિયા અને આપણા લશ્કરની આ સંદર્ભે વાત કરીએ તો કહી શકાય કે રાષ્ટ્રીય સુરક્ષા અને સંવેદનશીલ માહિતીની ગુપ્તતાની અનિવાર્યતાના કારણે જવાનો અને અન્ય લશ્કરી અધિકારીઓ માટે અંગત રીતે અથવા સત્તાવાર રીતે પણ ફેસબુકનું એકાઉન્ટ રાખવા પર કડક પ્રતિબંધ

**આપણા લશ્કરની આ સંદર્ભે વાત કરીએ તો કહી શકાય કે રાષ્ટ્રીય સુરક્ષા અને સંવેદનશીલ માહિતીની ગુપ્તતાની અનિવાર્યતાના કારણે જવાનો અને અન્ય લશ્કરી અધિકારીઓ માટે અંગત રીતે અથવા સત્તાવાર રીતે પણ ફેસબુકનું એકાઉન્ટ રાખવા પર કડક પ્રતિબંધ મૂકવામાં આવેલો છે**

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

મૂકવામાં આવેલો છે. એ ઉપરાંત લશ્કરમાં વોટ્સએપનો ઉપયોગ પણ કરવામાં આવતો નથી. વોટ્સએપના સ્થાને વોટ્સએપને સમકક્ષ સંભવ એપ વિકસાવવામાં આવી છે. આનાથી લશ્કરી જવાનો તેમજ અધિકારીઓ અંદરોઅંદર મેસેજની આપ-લે કરી શકે છે.






અહીં એક અન્ય બાબત એ પણ નોંધવી રહી કે લશ્કરની માયા ઓપરેટિંગ સિસ્ટમ તો 2021માં વિકસાવવામાં આવી હતી અને પછી 2023થી સત્તાવાર રીતે ઉપયોગમાં લેવાય છે પણ તે પહેલાં લશ્કર માયા ઓપરેટિંગ સિસ્ટમ તો 2021માં વિકસાવવામાં આવી હતી અને પછી 2023 થી સત્તાવાર રીતે ઉપયોગમાં લેવાય છે પણ તે પહેલાં લશ્કર માટે ભારત ઓપરેટીંગ સિસ્ટમ સોફટવેર-બોસ (Bharat Operating System Software-BOSS) વિકસાવવામાં આવી હતી અને ઉપયોગમાં લેવાતી હતી પણ 2021માં આપણા લશ્કર પર એકસામટા ઘણા સાયબર એટેક થયા પછી DRDO ભારત સરકારના ઘણાબધાં મંત્રાલયોએ સાથે મળીને આ માયા ઓપરેટિંગ સિસ્ટમ વિકસાવી હતી અને 2023થી અત્યારસુધી આ ઓપરેટિંગ સિસ્ટમ ઉપયોગમાં લેવામાં આવે છે. જોકે આજે બોસ સિસ્ટમ આજે આમ નાગરિકોના ઉપયોગ માટે ઉપલબ્ધ છે.

### વિદેશી સર્વર વિ. સ્વદેશી સર્વર...

માયા ઓપરેટિંગ સિસ્ટમ અને સંભવ મેસેજિંગ એપ એ બંને વિશે એક ખાસ બાબત એ છે કે આ બંને સિસ્ટમના સર્વર ભારતમાં છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે માઈક્રોસોફ્ટની વિન્ડોઝ જેવી ક્લોઝ સોર્સ અને પ્રોપ્રાઈટરી ઓપરેટિંગ સિસ્ટમની સૌથી મોટી મર્યાદા એ હોય છે કે તેના સર્વર વિદેશમાં હોય છે અને એટલે જ તે રાષ્ટ્રીય સુરક્ષા અને સંવેદનશીલ માહિતીની ગુપ્તતાની દષ્ટિએ જોખમી ગણાય છે.

### ડિજિટલ સ્વતંત્રતા અને ડિજિટલ સાર્વભૌમ...

છેવટે ડિજિટલ સ્વતંત્રતા અને ડિજિટલ સાર્વભૌમત્વ વિશે પણ થોડી વાત કરીએ. સરળ શબ્દોમાં એમ કહી શકાય કે માહિતી વિસ્ફોટ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે ત્યારે અને વળી આંગળીના ટેરવે દુનિયા આખીની માહિતી આવી ગઈ છે ત્યારે ડિજિટલ સ્વતંત્રતા અને ડિજિટલ સાર્વભૌમત્વનો આ ખ્યાલ સૌથી વધુ મહત્ત્વનો બની રહે છે. ડિજિટલ સ્વતંત્રતા અને ડિજિટલ સાર્વભૌમત્વ મેળવવાના અને પછી તેને જાળવી રાખવાના અનેક રસ્તા છે, જેમાંથી એક રસ્તો વિદેશી ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ ઘટાડીને સ્વદેશી ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ વધારવાનો પણ છે. એક ચોક્કસ પક્ષકાર પાસે ચોક્કસ પ્રકારનો ડેટા(માહિતી) હોવો એ એક ચાવીરૂપ તાકાત ગણાય એવો સમય અત્યારે છે અને માહિતી કહેતાં ડેટાની સુરક્ષા એ આજના સમયની સૌથી મહત્ત્વની બાબત છે એ હવે નિર્વિવાદ છે.



# દર્શકો અજય દેવગનને ફરી બમણો પ્યાર આપશે?

અજય દેવગનની ફિલ્મ 'દે દે પ્યાર દે 2' નું ટ્રેલર એકદમ મસ્તીભર્યું અને હળવા મૂડવાળું લાગી રહ્યું છે. પહેલી ફિલ્મ જ્યાં પૂરી થઈ હતી ત્યાંથી જ વાર્તાને આગળ વધારી છે. આ વખતે અજયનું પાત્ર આશિષ તેનાથી નાની ઉંમરની ગર્લફ્રેન્ડ આયેશાના પરિવારને મનાવવા લંડન જાય છે. જ્યાં આયેશાના પિતાનું પાત્ર ભજવી રહેલા આર. માધવન સાથે તેનો જોરદાર 'એજ-ગેપ' કોમેડી સંઘર્ષ થાય છે. ટ્રેલરમાં ચુસ્ત સંવાદો અને સિચ્યુએશનલ કોમેડીની ભરમાર છે. જે નિર્દેશક લવ રંજનની ફિલ્મોની ખાસિયત છે. આખી ફિલ્મમાં આવી કોમેડી હશે તો દર્શકોના પૈસા પૂરા વસૂલ થશે. આશિષની ઉંમરને લઈને થતી ગેરસમજણો અને આયેશાના પિતા દ્વારા આશિષને હટાવવા માટે લાવવામાં આવતો એક યુવાન ઉમેદવાર મીઝાન જાફરી મજાનો તડકો આપે છે. આ એક રોમ-કોમ છે. પહેલા ભાગની USP અસામાન્ય પ્રેમ કથા અને તબુ સાથેના તેના સંબંધોની ગૂંચવણ હતી. આ વખતે ટ્રેલરમાં નવો પડકાર અને નવી કોમેડી છે. જેમને પહેલો ભાગ ગમ્યો હોય તેમને આ ટ્રેલર પણ એવો જ હળવો અને મનોરંજક અનુભવ આપવાની આશા જગાવે છે. આ વખતે ફોકસ આયેશાના પરિવાર પર છે. તેથી ફેમિલી ડ્રામા વધુ જોવા મળશે. બીજા ભાગની મુખ્ય USP ગણી શકાય એવા ત્રણ કારણ છે. પહેલું અજય દેવગન અને આર. માધવન વચ્ચેની મજેદાર ટક્કર. આશિષ પહેલેથી જ ઉંમરમાં મોટો છે. વળી તે આયેશાના પિતા માધવન કરતાં પણ મોટો છે. તેમની વચ્ચે જમાવટ કરતી કોમેડી જ આ ફિલ્મનું એન્જિન છે. આ બંને કલાકારો અગાઉ 'શેતાન' માં ગંભીર વિરોધી તરીકે જોવા મળ્યા હતા. અજય દેવગને મજાકમાં કહ્યું પણ છે કે આ ફિલ્મ 'શેતાન'ની સિક્વલ છે. ''એક ફિલ્મમાં એ મારી દીકરીને લઈ જાય છે અને આમાં હું તેની દીકરીને!'' માધવનનું શાંત અને બુદ્ધિશાળી વ્યક્તિત્વ કોમેડીમાં નવો રંગ ઉમેરશે. બીજું કે પ્રેમમાં ઉંમરનો તફાવત અને લગ્નમાં પારિવારિક મંજૂરી મેળવવાના આધુનિક પડકારોને રમૂજ સાથે રજૂ કરવામાં આવ્યા છે. અને ત્રીજું લવ રંજન દ્વારા લખાયેલી વાર્તા હોવાથી ખાસ ચુનંદા કોમેડી દ્રશ્યો અને યુવાનો સાથે જોડાતી વાતોની અપેક્ષા છે. જો તમે તબુ (મંજુ) ને મિસ કરવાના હોય તો થોડું દુઃખ થશે કેમ કે આ વખતે અજય (આશિષ) નો ડ્રામા એક્સ-વાઈફ નહીં પણ યંગ ગર્લફ્રેન્ડના 'નવા' પેરેન્ટ્સ સાથે છે! રૂ.78 કરોડની 'દે દે પ્યાર દે' ની કમાણી રૂ.143 કરોડ થઈ હતી. કોરોના પછી દર્શકોની પસંદ અને દ્રષ્ટિ બદલાઈ છે. એમ કહેવાય છે કે જો અજય દેવગન સસરાજીને પટાવી શકશે તો આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે!

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

### કોંકણાની 'સર્ચ'...

ધ નૈના મર્ડર કેસ' માં ખૂનીની શોધ અધૂરી રહી! કોંકણા સેન શર્માની વેબસીરિઝ 'સર્ચ : ધ નૈના મર્ડર કેસ' માં દર્શકો ખૂની કોણ છે? એ શોધતા જ રહી જાય છે! પહેલા એપિસોડમાં અનેક પાત્રો આવે છે તેથી મૂંઝવણ થાય છે. તો છેલ્લો એપિસોડ ખૂની જાહેર કર્યા વગર અધૂરો છોડી દીધો છે. આ સીરિઝ ડેનિશ શો 'The Killing' પર આધારિત છે. તેમાં ખૂનીનો ખુલાસો બીજી સીઝનમાં થયો હતો. કદાચ આ ભારતીય રીમેકે પણ તે જ ફોર્મેટનું પાલન કર્યું છે. OTT પ્લેટફોર્મની આ પ્રચલિત યુક્તિ રહી છે. જ્યાં વાર્તાને જાણીજોઈને અધૂરી છોડી દેવામાં આવે છે જેથી બીજી સિઝન જોવાની ફરજ પડે. સીરિઝ જોતી વખતે લાગશે કે, 'બસ, આ જ ખૂની છે!' પણ પછીની જ સેકન્ડે નિર્દેશક એવા વળાંક લે છે ત્યારે થાય કે, 'અરે, આ તો એના મામાનો છોકરો નીકળ્યો!' એ સિવાય આખી વેબસીરિઝ જોવા જેવી બની છે. દિલ્હીમાં એક ટીનેજર છોકરી 'નૈના' ની હત્યા થાય છે. સંયુક્તા દાસ પોતાના ખરાબ થઈ રહેલા લગ્નને બચાવવા માટે ડિપાર્ટમેન્ટ બદલવાનું વિચારી રહી છે. તે 'સીધી વાત નો બકવાસ' પ્રકારની પોલીસ ઓફિસર છે. આજુબાજુના બધા જ લોકો કાં તો ગુનેગાર લાગે છે કાં તો છુપાવે છે. તે એકદમ ધીમા અને અંધારા વાતાવરણમાં તપાસ કરે છે. જેમ જેમ દરેક એપિસોડ આગળ વધે છે તેમ તેમ ખૂનીઓની લાઈન વધતી જાય છે.

**ગંભીર ક્રાઇમ થ્રિલર હોવા છતાં પોલીસ સ્ટેશનના સાથીદારો અને એકબીજાના ઘરે થતી ગૂંચવણવાળી પૂછપરછમાં થોડા હસવાના મોકા મળી જાય છે. ઘણા વિવેચકો અને દર્શકોએ આ અંતને કોઈ સંતોષકારક વળાંક વિનાનો અને છેતરામણો ગણાવ્યો છે**

ગંભીર ક્રાઈમ થ્રિલર હોવા છતાં પોલીસ સ્ટેશનના સાથીદારો અને એકબીજાના ઘરે થતી ગૂંચવણવાળી પૂછપરછમાં થોડા હસવાના મોકા મળી જાય છે. ઘણા વિવેચકો અને દર્શકોએ આ અંતને કોઈ સંતોષકારક વળાંક વિનાનો અને છેતરામણો ગણાવ્યો છે. ધીમા અને ઊંડાણવાળા થ્રિલર પસંદ કરતાં હોય જેમાં સસ્પેન્સ અંત સુધી જળવાઈ રહે છે એમને અને કોંકણા સેન શર્માના અભિનયના ફેન હોય એવા દર્શકોથી સીરિઝ જરૂર જોઈ શકાય એમ છે. કોંકણાનો અભિનય આખી સીરિઝમાં સૌથી મજબૂત અને પ્રભાવશાળી પાસું છે. નબળું લેખન અથવા અધૂરા અંતને પણ તેના શાનદાર અભિનયે ઢાંકી દીધા છે. ACP સંયુક્તા દાસની ભૂમિકાને ખૂબ જ સંયમિત રીતે ભજવી છે. તીવ્ર સંવાદોને બદલે મૌન, આંખો અને થાક દ્વારા જ પાત્રની તીવ્રતા વ્યક્ત કરી છે. દિગ્દર્શક રોહન સિપ્પી ઈરાવતી, ગોવિંદ નામદેવ, ધ્રુવ સહગલ, મુકુલ ચઢ્ઢા, વરુણ ઠાકુર વગેરે તમામ કલાકારો પાસેથી સશક્ત અભિનય મેળવી શક્યા છે.

# માતા: મમતા યુનિવર્સિટીની કુલપતિ

કદાચ શહેરીજનોને ખબર નહીં હોય પણ ગામડામાં દૂધને અશુભ માનવામાં આવે છે. એકવાર ગામડે (વતન) જવાનું બનેલું ત્યારે પાછા આવતી વેળા મેં સાથે પાંચેક લીટર દૂધ લઈ આવવાનું વિચારેલું. ઈરાદો કંઈક એવો હતો કે ઘરે (નવસારી) બાસૂંદી બનાવીશું. પણ ઘરના બધાંએ જ દૂધ લઈ જવા સામે વિરોધ કર્યો. ભાઈએ કહ્યું, 'દૂધ અશુભ ગણાય. સ્કૂટર પર જઈ રહ્યા છો તો રસ્તે કોઈને કોઈ મુશ્કેલી આવશે.' પણ અમે એક ના બે ન થયા. ઉપરથી કહ્યું, 'દૂધ જરાય અશુભ નથી એવું સાબિત કરવા માટે પણ દૂધ લઈ જઈશ! આ ચોખ્ખું દુધ છે. એ તો ખાસ શુકનવંતુ ગણાય..!'

પછી થયું એવું કે સ્કૂટરને થોડી મરમ્મતની જરૂર હતી. એનો ક્લચ વાયર થોડો ઢીલો થઈ ગયો હતો. નીકળતા પહેલાં અમે ક્લચ વાયર ફીટ કરવાની કોશિષ કરી, તો અમારા ધ્યાનમાં આવ્યું કે ક્લચ વાયર તૂટી જવાની અણી પર હતો. ઘરનાઓને મેં તે કંતાઈ ગયેલો ક્લચ વાયર બતાવતાં કહ્યું: 'હું માંડ અડધો કિલોમીટર ના ગયો હોત ત્યાં આ ક્લચ વાયરે દગો દીધો હોત અને દૂધ વધુ એકવાર અશુભ સાબિત થઈ ગયું હોત..!' (દૂધ ના લીધું હોત તો પણ આ વાયર અડધે રસ્તે તૂટ્યો જ હોત!)

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

અંધશ્રદ્ધા ક્યારેક સ્પષ્ટપણે જૂઠી હોવાની સાબિતી મળે તોય સમાજ પરંપરાગત રીતે અમુક તમુક વાનગીને અશુભ માને છે. ગામડાની દેશી અંધશ્રદ્ધા દેશી બનાવટના હાથબૉમ્બ જેવી હોય છે. છતાં ગ્રામ્ય અંધશ્રદ્ધા પ્રત્યે અમને ખાસ નફરત નથી. (અમે ગામડાની ધૂળમાં રમીને મોટા થયા છીએ કદાચ એ કારણ હશે!)

એક બહુ જૂની વાત યાદ આવે છે. એકવાર અમે ગામ ગયેલા ત્યારે કોણ જાણે કેમ મારો નાનો બાબો ખૂબ રડવા લાગ્યો હતો. મારી 80 વર્ષની બાએ તેની નજર ઉતારવા માથેથી મીઠુ મરચું ઓવારીને ચૂલામાં નાખ્યું. મારી બા મને તેની સઘળી અંધશ્રદ્ધા સમેત વહાલી હતી ! હું તેના આવા નુસ્ખા અંગે ખડખડાટ હસતો ત્યારે તે મને ખીજાયને કહેતી- 'બેટા, નાનપણમાં તુંય બહુ રડતો ત્યારે હું આમ જ નજર ઉતારતી અને તું છાનો રહી જતો. બાની વાત સાંભળી અમે અચાનક થોડા ગંભીર બની જતા. બાને કહેવાનું મન થતું- 'બા, આજે ય રડું છું. પણ રૂદનમાં થોડી મેચ્યોરિટી આવી છે. નાનપણમાં ત્રીજે ઘરે સંભળાય એવો ભેંકડો તાણતો. આજે ઘરનાઓને ય ખબર ના પડે એ રીતે રડતાં આવડી ગયું છે! આમેય રડવા માટે હંમેશા આંસુઓની ક્યાં જરૂર પડે છે? રડતા આવડે તો આંખોનેય ખબર ના પડે એ રીતે રડી શકાય છે..!" અંતરના આક્રંદ પર સમજદારીના સાઈલન્સર લગાવ્યા છે.

દોસ્તો, થાય છે એવું કે વતન છોડીને દીકરાઓ નોકરી ધંધાર્થે શહેરમાં આવે છે, પછી સુખી હોવાના ભ્રમમાં મોંઘવારીનો માર ખાતાં ખાતાં જીવ્યે જાય છે. માણસ પુખ્ત બને પછી બાળપણના કુમળા દુઃખોને સ્થાને ઠરેલ ઉંમરના પરિપક્વ દુઃખોનો સામનો કરવાનો આવે છે. મોટા થયા એટલે હવે ના રડાય એવું શાણપણ આવ્યું હોય છતાં આંખો ક્યારેક એ વાત ભૂલી જાય છે. આજની સમસ્યા એ છે કે દીકરાઓએ નોકરી કે ધંધાર્થે ફરજિયાત શહેરમાં રહેવું પડે છે. પણ માબાપને શહેરની જિંદગી ફાવતી નથી. અને દીકરાઓને ગામડે રહેવાનું પરવડતું નથી. એથી અદ્રશ્ય રીતે બધાં પરસ્પરને તીવ્રપણે ઝંખતા હોય છે છતાં સૌ લાચાર હોય છે. ઘણીવાર વિચાર આવે છે કે માબાપથી દૂર શહેરમાં રહેતા બધાં દીકરાઓ સુખી હોય છે ખરા? તેઓ ક્યારેક તો જરૂર રડતા હોય છે. પણ તેમના લેટેસ્ટ બંગલામાં મીઠુ મરચું હોય છે, પણ દીકરાને માથેથી ઓવારીને ચૂલામાં નાખનારો મમતાભર્યો હાથ નથી હોતો. 'દીવાર' ફિલ્મમાં શશી કપુર કહે છેઃ "મેરે પાસ મા હૈ..!" આજે શહેરમાં વસતા દીકરાઓ પાસે બધું હોય છે, પણ મા નથી હોતી ! અમારા વતનની પાસે આવેલા ગામની એક સત્ય ઘટના યાદ આવે છે. એક સ્ત્રીના બાળકને કેન્સર થયું હતું. ગરીબી એવી કારમી હતી કે ખાવાનાય સાંસાં હતા. એથી હોસ્પિટલની મોંઘી ટ્રીટમેન્ટનો તો પ્રશ્ન જ ન હતો. કોઈએ એ સ્ત્રીને કહ્યું: "બીલીપત્રોનો હાર તારા દીકરાને પહેરાવીને રોજ શંકર ભગવાનના મંદિરે દર્શન કરવા લઈ જા. અને દર સોમવારે નિર્જળા ઉપવાસ કર. ત્રણ વર્ષ સુધી આટલું કરીશ તો તારો દીકરો સાજો થઈ જશે..!"



સ્ત્રી વિધવા હતી. એથી મજૂરી કરીને ખાતી હતી. એ રોજ મજૂરીએ જાય. આવીને સાંજે બીલિપત્રો શોધવા નીકળે. તેનો હાર બનાવે. દીકરાને પહેરાવે અને નવ માઈલ દૂર આવેલા મંદિરે દીકરાને લઈ જાય. રોજ અઢાર માઈલ ચાલતાં એને પગે છાલા પડી ગયા. ગામમાં જેટલા બીલીના ઝાડ હતાં તેના પાંદડા ખૂટી ગયા.

ત્રણ વર્ષમાં સ્ત્રીના પગ લોહીલુહાણ થઈ ગયા. આંગળાનો આકાર બદલાઈ ગયો. ગામ લોકોએ એને સમજાવી: "આમ તો તું મરી જઈશ. બંધ કરી દે આટલી કઠોર આરાધના..." પણ પેલી સ્ત્રીએ કહ્યું, "મારો દીકરો બચી જશે પછી હું મરી જઈશ તો ચિંતા નથી...!"

**ગામડાની દેશી અંધશ્રદ્ધા દેશી બનાવટના હાથબૉમ્બ જેવી હોય છે. છતાં ગ્રામ્ય અંધશ્રદ્ધા પ્રત્યે અમને ખાસ નફરત નથી. (અમે ગામડાની ધૂળમાં રમીને મોટા થયા છીએ કદાચ એ કારણ હશે!**

દોસ્તો, દીકરાને સાજો કરવા પથ્થર એટલા દેવ પૂજતી, બાધા આખડી માનતી કે પગે લોહીલુહાણ થઈ જતી માતાને અંધશ્રદ્ધાળુ કહેવાની મારી તો હિંમત નથી ચાલતી. જો કહું તો આંધળા માબાપને કાવડમાં બેસાડીને જાત્રા કરાવનારા શ્રવણ કુમારને કુલી કહેવા જેવી ભૂલ ગણાય.

### ધૂપછાંવ

મમતાના વરખમાં લપેટાયેલી કેટલીક અંધશ્રદ્ધાઓ પ્રત્યે અમને આજે ય શોફ્ટકૉર્નર છે. તેમાં પા તોલો અંધશ્રદ્ધામાં પાંચ મણ મમતાનું મિશ્રણ હોય છે. મારા રેશનાલિઝમને ખબર ના પડે એ રીતે બાએ ઘણી વાર મારા બાબા માટે બાધા લીધી છે. અંધશ્રદ્ધાળુમાં ખપી જવાની પૂરી તૈયારી સાથે કહું કે બહુ ઓછી વાર એવું બન્યું છે કે બાએ બાધા લીધી હોય અને દીકરો સારો ના થયો હોય ! શ્રદ્ધા નિષ્ફળ જઈ શકે. મમતા નિષ્ફળ જતી નથી. આ દુનિયા પ્રેમની યુનિવર્સિટી છે. માતા એની કુલપતિ છે! આજપર્યંત એની બિનહરીફ વરણી થતી રહી છે.